વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧૮ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : સપ્ટેમ્બર ૨૨, ૨૦૧૮

# ગામનાં 'મોટાં' તેવા વિશ્વના મોટાં 'એલ્ડર્સ' 'સેવા'ને આંગણે

નેલ્સન મંડેલાએ આફ્રિકાના ગામોની શીખ લીધી. ત્યાંના ગામોમાં ઉંમરલાયક, ડાહ્યા-ઠરેલ વડીલો, મોટાં પાસે ગામના ઝઘડા ઉકેલ માટે ગામવાળા લઈ જાય અને એમ કરતાં ગામમાં સૌ સુલેહશાંતિથી રહે. આ જ શીખ તેમણે આજની વિશ્વપ્રજાને આપી. દુનિયામાં દેશ-દેશ વચ્ચે ઝઘડાઓ ચાલતા હોય છે, ઘણીવાર નાનાં-મોટાં યુદ્ધોમાં પાયમાલી થાય છે. લાખોની સંખ્યામાં કુટુંબો રેફ્યુજી કેમ્પમાં જીવન ગાળે છે. યુદ્ધોના પરિણામે સામાન્ય સમાજજીવન વેરવિખેર થઈ જાય છે. પેઢીઓ સુધી દેશ-દેશ વચ્ચેની વેરભાવના શમતીનથી.



નવાપરા ગામમાં 'સેવા'ના સભ્ય બહેનો સાથે 'એલ્ડર્સ'

સત્ય અને અહિંસાને માર્ગે વાટાઘાટ દ્વારા અન્યોન્ય ઠોસ સમજાવટ વડે વાતાવરણ શાંતિમય બનાવવા, મંડેલાએ 'ગામના મોટાં' જેવું 'ધ એલ્ડર્સ'નું ગ્રુપ વિશ્વસ્તરે રચ્યું. છેલ્લા બાર વર્ષથી એલ્ડર્સ વિશ્વશાંતિ માટે મથી રહ્યા છે. ઉપરાંત, કેટલાક રચનાત્મક કાર્યો પણ કરી રહ્યા છે : એક, બાલવિવાહ અટકાવાની ઝૂંબેશ, અને બીજો સ્વાસ્થ્યસેવા દરેક મનુષ્યને પહોંચે તેવી વિશ્વસ્તરે ઝૂંબેશ.

'વૈશ્વિક સ્વાસ્થ્યસેવા સંકલન' યાને 'યુનિવર્સલ હેલ્થ કવરેજ'ની ઝૂંબેશ આગળ ચલાવવા બે એલ્ડર્સ ભારતમાં આવ્યા હતા અને તેમનો ભારત માટેનો રિપોર્ટ દિલ્હીમાં લોંચ કર્યો. તેના બીજા દિવસે ૮મી સપ્ટેમ્બરે તેઓ ગુજરાતમાં આવ્યા. ગાંધીનગરમાં સરકારને મળ્યા. અને, 'સેવા'માં આવ્યા.

તે બે મહાનુભાવો તે ડૉ. ગ્રો હાર્લેમ બ્રન્ડલેન  અને શ્રીમાન બાન કી મૂન.

૮મીની સવારે વહેલા, 'સેવા'ની ગ્રામ સ્વાસ્થ્ય સહકારી મંડળીની મુલાકાત લીધી. સેવાનાં સોશિયલ સિક્યુરિટીનાં વડા આપણાં મીરાઈબેન ચેટરજી એલ્ડર્સની મુલાકાતનું સતત સંચાલન કરતા હતા. એ જાણવું જરૂરી છે કે 'યુએચસી'ના હેવાલમાં આપણી સોશિયલ સિક્યુરિટીના લાંબા વર્ષના અનુભવના મુદ્દાઓનું પ્રદાન નોંધનીય છે.

**નવાપુરા ગામમાં**

દસક્રોઈ તાલુકામાં નવાપુરા ગામમાં આપણી લોક સ્વાસ્થ્ય મંડળી થકી ગામનાં પંચાયત પ્રમુખ તથા સભ્યબહેનો સાથે એલ્ડર્સની રસપ્રદ વાતચીત થઈ. મંડળીએ તેમને સમજાવ્યું કે જેમ સરકાર સ્વાસ્થ્ય યોજનાઓ ચલાવે છે, તેમ તેમ 'સેવા' છેવાડાના બાકાત રહેલાં લોકો તરફ વધુ સક્રીય થાય છે. વિશેષ, વ્યવસાયને કારણે થતાં આરોગ્યના પ્રશ્નો, બિન- ચેપીરોગો તથા પોષક ખોરાક અને સેનીટેશન પર સેવા વધુ લક્ષ આપતી જાય છે. સેવાના હાલના કાર્યક્રમો જેવા કે શક્તિવિકાસ, આરોગ્યવીમો, બાલસેવા, ગામના કચરાનું રિસાઈકલીંગ, નાં અનુભવોમાં ગ્રો બ્રન્ટલેનને ખાસ રસ પડ્યો. જાણે કે નવું જ સાંભળતા હોય! તેમની વાતચીતમાં તેમણે બાલવિવાહનો મુદ્દો ઉમેર્યો.

બાન કી મૂને કોરીઆમાં પોતાના બાળપણની વાત કહી. 'યુદ્ધના એ દિવસોમાં ૩૦ લાખ લોક માર્યા ગયા, દવાખાના, સ્કૂલો, ઘરબાર બધું પાયમાલ. તે દુઃખના, ગરીબીના, અનુભવો મેં યાદ રાખીને યુનોમાં હું હંમેશ આરોગ્ય, શિક્ષણ, સમાનતા ને યુનોના એજન્ડા પર લાવ્યો છું. તેમાંય ખાસ કરીને સ્ત્રીઓની સુખાકારી. તમારું કામ જોઇને હું ઊંડી વિનમ્રતાની લાગણી અનુભવું છું.'

નવાપરાથી અમદાવાદમાં સેવા ચૌકમાં પધાર્યા. નાળિયેરનું પાણી પીધું. સર્વધર્મ પ્રાર્થના શરુ. બાદ, ઈલાબેને બેઉ મહાનુભાવોની ઓળખાણ આપી. પ્રમુખ કપિલાબેને આંટીથી સ્વાગત કર્યું. આંટીમાં એલચી અને તુલસી ગૂંથેલા હતા.

રીમાબેન સૌ પ્રથમ સેવા સંગઠનની ઓળખ આપતાં ગ્રામપ્રદેશમાં સેવાના સંગઠનો સમજાવ્યા. સેવાના બે મુખ્ય ધ્યેય, 'પૂર્ણરોજગાર અને સ્વાવલંબન, હાંસલ કેવી રીતે કર્યા તે કહ્યું. ૧૮ રાજ્યોમાં સેવાના કુલ ૧૫ લાખ સભ્યબહેનોની સમસ્યાઓ ટૂંકમાં કહી જણાવી. કલાઈમેટ રેઝીસ્ટીગ ખેતી પર ભાર મૂકીને ગામની પેદાશથી ઠેઠ બજાર સુધીની પૂરી વેલ્યુ ચેઈન હાંસલ કરવાની સેવાની મથામણને વર્ણવી.

ગીતાબેને શહેરનાં સંગઠનની દરેક વ્યવસાયોને આવરી લઈને ટૂંકમાં વાત કહી. તેમણે 'નેચરલ માર્કેટ'નો કન્સેપ્ટ અમલમાં લાવવાના સંઘર્ષ પર ભાર મૂક્યો.

ભારતીબેને 'સેવા'ના હાઉસિંગ પ્રોગ્રામની વાત કરી. ઘર,એ શ્રમજીવી બેનો માટે રોજગારનું સ્થળ પણ છે તેની સાબિતી વિગતવાર આપી.

મીરાઈબેને સામાજીક સુરક્ષા હેઠળ આરોગ્ય, બાલસેવા, વીમો અને પેન્શનના સંકલિત અભિગમની વાત કરી. આર્થિક સુરક્ષા અને સામાજીક સુરક્ષા એ સિક્કાની બે બાજુ છે તેના પર ભાર મૂક્યો. જુદી-જુદી સેવાની આરોગ્ય ઝૂંબેશની વાત કરી.

શાંતાબેને સેવા એકેડેમી દ્વારા સશક્તિકરણ કેપેસીટી બિલ્ડીગ વિગતવાર વર્ણવીને સમજાવ્યું. ગ્રાસરૂટ રીસર્ચ ટીમ તૈયાર કરવાની પદ્ધતિ સમજાવી.

જયશ્રીબેને, સેવાના શિરમહોર સમી સેવા કોઑ. બેંકનું ભૂત, વર્તમાન અને ભવિષ્ય સમજાવ્યું. ગરીબ, શ્રમજીવી,

બહેનોને દેવામાંથી મુક્ત કરી, એસેટ પોતાના નામે વસાવી, બચત વધારી અને તમામ બેનોને સામાજીક સુરક્ષા સાથે સંકલિત કરીને જોડી તેની મહત્તા સમજાવી.

છેલ્લે, સેવાના જનરલ સેક્રેટરી જ્યોતિ મેકવાને સેવાની એક મુખ્ય સ્ટ્રેટેજી સમજાવી તે હતી યુનિયન અને કોઓપરેટીવની સંલગ્ન કામગીરીની. તથા, સેવાનો અભિગમ કે 'હું માલિક, હું મેનેજર, હું લાભાર્થી' તે સમજાવ્યું.

જ્યોતિબેનની વાત સાંભળી બાન કીમૂન ઘણા પ્રભાવિત તથા 'મૂવ' થઇ ગયા તેવું જણાવ્યું. તેમણે કહ્યું 'તમારું સેવાનું વિઝન તમે વરસોવરસમાં કેવું કામગર કરતા ગયા છો. અભિનંદન. તમારા ૧૧ સવાલોનું મુદ્દાસર હોમવર્ક એવું છે કે બહેનો જાતે જ એમ્પાવર થતી જાય છે! યુનોમાં મેં હંમેશ સ્ત્રીની સમાનતા ના એજન્ડાને અગ્રીમતા આપી છે. સેવાની બહેનો ભવિષ્ય માટે એક મોટી આશા છે,' એવું કહીને ધીમા, ગળગળા અવાજે સૌને અભિનંદન આપ્યા.

ગ્રો બ્રન્ડલેને જાણે કે સમાપન કર્યું હોય એમ કહ્યું, 'નીચે ગ્રાસરૂટથી ઉપર તક સમાજ પરિવર્તનનો 'સેવા' એક જબરજસ્ત દાખલો છે.' છેલ્લે કહ્યું, 'સેવાએ યુનિવર્સલ હેલ્થ કવરેજનો ડોક્યુમેન્ટ ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે.'

કપિલાબેને સૌનો આભાર માન્યો. જલદી જલદી સાદું ભોજન પીરસાયું, ને તેના રઘવાટમાં અમે છેલ્લે 'અમે પાર કરીશું (વી શેલ ઓવરકમ') સમુહગાન ગાવાનું ભૂલી ગયા !

ગ્રો બ્રન્ટલેન

બહેનો જેમ તમે સૌ મારા કલીગ તેમ ગ્રોબેન પણ મારા કલીગ. ૨૦૦૭ થી ૨૦૧૬ સુધી અમે સાથે કામ કર્યું, જુદા જુદા દેશોમાં સાથે ફર્યા, રહ્યા, વાદ-વિવાદ કર્યા. અમારું કામ દુનિયાભરમાં શાંતિ આણવાની, સરહદોની લડાઈઓની, ધરમની લડાઈ, ઊંચ-નીચની લડાઈમાં સમાધાન કરાવવાનું. જ્યાં અશાંતિ ઊભી થાય ત્યારે કોઈને ઠપકો આપવાનો, જાહેરમાં, કોઈ દ્વેષભાવ વગર – તે અમારું એલ્ડર્સનું કામ. ગામમાં જેમ વડિલો ના હોય, માંહ્ય માંહ્ય લડતાંઓની જોડે વાત કરીને શાંત પાડે, ગામમાં શાંતિ લાવે તેવું.

એમનું નામ ગ્રો હાર્લેમ બ્રન્ડલેન, તેમનો દેશ નોર્વે, ઊત્તર યુરોપ. નોર્વેમાં ત્રણ વખત, એમ દસ વર્ષ સુધી પ્રધાનમંત્રી તરીકે ચૂંટાઈને આવ્યા. એટલા બધા સૌના માનીતા! કેમકે તે રાજકારણ એક ગ્રામીણ, સાદા અને આખોબોલા (સાચું બોલનારા)ની છાપ પાડે. તે બધું સાવ છોડીને શાંતિના કામમાં હવે જીવન આપી રહ્યા છે. હાલ એલ્ડર્સનાં પ્રમુખ છે. શાંતિ ઉપરાંત બીજું તેમનું જીવનનું ધ્યેય તે આરોગ્ય. દુનિયાભરમાં સૌનું આરોગ્ય સુધરે તેની ચિંતા – ગ્રોબેન પોતે ડોક્ટર, તે WHO વિશ્વ આરોગ્ય સંસ્થાનાં એક હેલ્થ રીપોર્ટથી જાણીતા થયા. તેમાં પર્યાવરણ અને સ્વાવલંબન પર પ્રથમવાર કોઈએ વિશ્વસ્તરે અગાઉ લખ્યું હશે. ત્રીજું, તેમનો રાજકીય પક્ષ તે લેબર પાર્ટી. નોર્વે લેબર યુનિયનનાં પ્રમુખ. આપણે ય લેબર યુનિયન છીએ – એટલે આપણી સંસ્થા તો તેમનું ઘર કહેવાય! સ્વાગત છે આપનું!

ગ્રોબેનનું બીજું નામ છે Mother ઓફ Nation. 'રાષ્ટ્રમાતા' એ અમે જયારે નોર્વે ગયા હતા ત્યારે સાંભળ્યું અને જોયું. **– ઈલા**

**બાન કી મૂન / કી મૂન બાન (સાચું નામ)**

આપણે કલ્પી પણ ન શકીએ કે આ મહાનુભાવ શ્રી બાન કી મૂન આપણે ત્યાં આવે !

આખી દુનિયાના બધા દેશોનું યુનિયન સંગઠનના ૧૦ વરસ લગી તે વડા રહ્યા ત્યારે શાંતિ માટે હંમેશ મથતા રહ્યા છે. તેમનું સૌથી પહેલું વિદેશખાતાનું પોસ્ટીગ ઇન્ડિયામાં, દિલ્હીમાં થયું હતું. દક્ષિણ કોરિયાના દેશવાસી છે.

તેમનું યોગદાન માત્ર રાજકીય સ્તરે જ વિશ્વશાંતિ માટે નહિ, પણ કલાઈમેટચેન્જ પર્યાવરણનાં ખૂબ આગ્રહી છે. તેમાં નાનાં-મોટાં યુદ્ધો બાદ જે નિરાશ્રિતો થાય તેવાંઓને યોગ્ય જીવતદાન મળે તે માટેનું તેમનું યોગદાન પણ ખૂબ જાણીતું છે. મને સીધો અનુભવ ડાર્ફર અને સુદાનના રેફયુજી કેમ્પનો છે. એલ્ડર્સનો ફાળો, પ્રેસિડન્ટ જીમી કાર્ટરનો એલ્ડર તરીકેનો ફાળો મહત્વનો હતો હું જેની સક્રિય સાક્ષી રહી છું. પ્રેસિડન્ટ કાર્ટર તથા તેમનાં પત્નિ રોઝા લીન્ડવી સાથે રહી તેમની નિગાહ નીચે સુદાનમાં શ્રી બશીરની સરમુખત્યારી સામે જનરલ ચુંટણી થઇ ત્યારે, હું હાજર હતી.

બાનભાઈ મૂલ્યોના પણ આગ્રહી છે. ઓલિમ્પિકસમાં નીતિમત્તા અને સચ્ચાઈના મૂલ્યો જળવાય તેના કમિશનના તે

પ્રમુખ હતા અને તેનો દમદાર રિપોર્ટ બહાર પડ્યો.

તેવા આપણા એલ્ડર બાન કી મૂનનું સેવામાં સ્વાગત છે. આ બધા મહાનુભાવોને સંભાળવા અને તેમની પાસે કામ લેવું અને જૂદા જૂદા પ્રશ્નનો પર દુનિયાભરના નિષ્ણાતોની ટીમ બનાવવી એ બધું પાયાનું કામ તે ડેવિડ નાસબામ કરે છે. આપનું પણ સૌનું સેવામાં સ્વાગત છે.

બાન કી મૂનના સમયગાળામાં જ યુનોની જનલર એસેમ્બલીને સંબોધન કરવા મને બોલાવેલી અને મારી ઈન્ટ્રોડક્ષન તેમણે આપેલી જે હું આજે કરી રહી છું! ત્યારના આપણા પ્રધાનમંત્રી મનમોહનસિંહ સામે શ્રોતાગણમાં બેઠેલા હતા – તે દિવસ કેમ ભૂલાય? એવો જ આજનો દિવસ છે !
**– ઈ.**

**વિશેષ :**

ગ્રો બ્રન્ટલેને સાંજે 'સેવા' થકી સ્વાસ્થ્ય સંબંધિત સમાજકાર્ય કરતી સંસ્થાઓ સાથે ઈન્ફોર્મલ વાર્તાલાપ ગોઠવ્યો હતો.

ગ્રોએ કહયું, હેલ્થના ક્ષેત્રમાં સ્ત્રીઓની આગેવાની બહુ યોગ્ય અને જરૂરી છે. નોર્વેમાં ૧૫૦ વર્ષ પહેલાં સ્ત્રીઓ અને લેબરની આગેવાનીમાં જ ડેમોક્રેટિક પાર્ટી અને હેલ્થને કેન્દ્રમાં રાખીને યુનિવર્સલ હેલ્થકેર સિસ્ટમની રચના થઇ હતી. શ્રી લંકા અને ચીનમાં નબળી પરિસ્થિતિ હેલ્થની બાબતમાં ઊંચી આવી રહી છે, પણ ભારતમાં તેવું બન્યું નથી.

ડૉ. પંકજ શાહ, કાર્તિકેય, જીમોલ ઉન્ની, દર્શિની મહાદેવીઆ, હેમંત શાહ, બિનોય આચાર્ય, અંકુર સરીન, શીબા જયોર્જ, નવદીપ માથુર, હનીફ લાકડાવાલા, શ્રીકાંતકુમાર સૌએ ગંભીરતા પૂર્વક પોતાના દ્રષ્ટિબિંદુ તથા ઉપાય સૂચવ્યા હતા.

ડૉ. દીલીપ માવલંકર સૌના વિચારોનો સાર કાઢીને હાલની પરિસ્થિતિ ગ્રોને કહી જણાવી હતી. તેમણે કહ્યું, એક, અહિં પબ્લિક હેલ્થનો ખરો અર્થ હજૂ સમજાયો નથી. પાણી, અને કચરાનો નિકાલ બેઉં હેલ્થનો જ ભાગ છે તેવા સોશિયલ ડીટર્મેન્ટને ધ્યાન પર લેતા નથી. બીજું, ડેટા અને સાબિતીની કિંમત હેલ્થનું ક્ષેત્ર પોતે જ સમજતી નથી. સરકાર પાસેથી ડેટા મેળવવાની પણ મુશ્કેલી છે. સરકાર પર દબાણ લાવવાનું પણ તેમને માટે શક્ય નથી.

ગ્રોએ ફરી કહ્યું કે આ યુનિવર્સલ હેલ્થ કવરેજનો રિપોર્ટ સરકાર અને પ્રજાને હેલ્થના સ્તર પર સાથે લાવવા માંગે છે, જે ચીનમાં શક્ય બન્યું છે.

ઈલાબેને સમાપનમાં કહ્યું કે આજના જેમ આપણે ફરી ફરી મળતા રહેવું જરૂરી લાગે છે. તેમણે વિકેન્દ્રીકરણ સત્તા અને સંસાધનોના વિકેન્દ્રકરણ પર ભાર મૂક્યો. હેલ્થકેર એ માત્ર મેડીકેર નથી. હેલ્થકેર કવરેજ સૌથી નબળા વર્ગ સુધી પહોંચવા સંકલિત અભિગમની જરૂર છે. અર્થાત રોટી, પાણી, કપડાં, મકાન તથા પ્રાથમિક આરોગ્ય, શિક્ષણ અને પ્રાથમિક બેંકિંગ તમામ નાગરિકને પહોંચે છે ત્યારે હેલ્થકેરનું શું પરિણામ જોવા મળે છે તેવો અમારો સેવાની આરોગ્ય સેવાનો અનુભવ રહ્યો છે.

મીરાઈબેને સૌનો હાર્દિક આભાર માન્યો હતો.

❑

# આદિવાસી ગામોમાં ચોમાસે ખેતી ઉત્સવ

ચોમાસાની સીઝનમાં ખેતીલાયક વરસાદ થાય અને જે વાતાવરણ સર્જાય તેને કેમેરામાં અંકારવું ગમે. પણ હું લોભાઈ મનમાં ભરી લેવા એને મેં જોયું, ધરતીમાંએ લીલી ઓઢણી ઓઢી છે. સમગ્ર આંખ ચોમેર ફરે છે. ત્યાં લીલુડી ધરતી જોવા મળી. ડુંગર પણ ઉનાળે ધોમધખતા તે પણ લીલોતરી થી છવાઈ ગયા છે. ડુંગરાઓ વચ્ચે મારગથી આગળ વધતાં જાણે હું કુદરત સાથે મનોમન વાત કરતી હોઉં એવું અનુભવાયું. ગામમાં પહોંચતા જાણે કે, વાડે-વાડે ખેતરે-ખેતરે ચહલપહલ, આવી ચહલપહલ મેં મારા ત્રણ વર્ષની આવનજાવનમાં કદી અનુભવી નો હતી. જાણે કે ભેકાર અને ભૂતિયા ગામ, ક્યાંય બાળકો નજરે પડે, છુટી છવાઈ બકરીઓ ચરતી નજરે પડે, એકલ-દોકલ વ્યકિતની આવન જાવન જોવા મળે, ક્યાંક કોઈ પાણી લેવા ઢાળ ઉતરતું કે ચઢતું હોય પણ, આનાથી વધારે ચહલ-પહલ જોવા મળે જ નહિં. મનમાં એમ થાય કે, ગામમાં જઈશું ને કોણ મળશે ? આ પ્રશ્ન સાથે જ ગામમાં પ્રવેશતા પરંતુ, આ અનુભવ અને આજના અનુભવમાં જમીન આસમાનનો ફરક દેખાયો.

આજે ગામમાં પેસતા જ વાડ ને સરખી કરવાનું કામ કરતાં કુટુંબો જોવા મળ્યા. ક્યાંક દિકરી અને પિતા ખેતરની વાડને સરખી કરતાં હોય, છીડા પૂરતા હોય, ક્યાંક પતિ-પત્ની

મળીને વાડને મજબૂત કરતાં હોય તો ક્યાંક નણંદ-ભોજાઈ મળી વાડને સંજતા હોય. આ કામ ઠેર-ઠેર ખેતરોની આસપાસ જોવા મળે. ચોમાસામાં ખેતી લાયક વરસાદ થયો હતો, તેથી વાતાવરણમાં પણ એક ટાઢક અનુભવાતી હતી. વાતવરણ પણ એવું કે, કામ કરવાનું મન થાય. ધીરે ધીરે મારી નજર ખેતરમાં ડોકાવા લાગી અને નાની જમીનમાં બે બળદની જોડ દેખાય. વાસે હળ જોતર્યુ હોય ઉનાળે ખેડેલી જમીનમાં વાવણી પણ શરૂ થઈ ગઈ. બળદ પણ વાતાવરણની શીતળતાને લીધે મસ્તીથી ખેતરમાં ખેડૂતના ઈશારે હળ હાંકતા હતા. ખેડૂ અને સજોડે ખેડૂ પત્ની હાથમાં વાવણી માટેના બીજ ભરેલું દોડિયું લઈને સાથે ચાલે અને તેમાં ધીરે ધીરે બીજ ઓરતાં જાય. આ કામમાં મને ખૂબ જ ચીવટ દેખાઈ સાથે-સાથે ખેડૂત બહેન અને બળદો વચ્ચે કામનો મૂક સંવાદ પણ જોવા મળ્યો. મૂક સંવાદ સાથે આ ચારેય જીવ એક સામજ્યથી કામ કરતાં હતા.

ખેડૂ પતિ-પત્નીમાં એક અનેરી આશા અને ઉંમગ તરવરતો હતો, નહિં કોઈ રકઝક નહિ કોઈ ઉતાવળ. એક સૂરથી બંને એકબીજાને પૂરક બની વાવેતર કરી રહ્યા હતા. અને તેમના આ કામને જોઈને જોનારની આંખ ઠરે એમને જોતા એમ લાગે કેટલી નિષ્ઠાથી જગતનો તાત મહેનત કરી રહ્યો છે. હું મનોમન વિચારતી હતી. અહીં કોણ આવીને સાદ કરી ગયું કે, ઉઠો, જાગો અને કામે લાગો, તક મળી છે. કામને ઉત્સવ બનાવે એ જ જગતનો તાત. આ એવી પાઠશાળા છે જ્યાં, પરિવારમાં જ પરિવારના સભ્યો દ્વારા કામનું શિક્ષણ મળે અને પારંગતતા કેળવાય. કોઈ મોટો ઠાઠ નહિ કામ કામને શીખવે. અહીં જેવુ વાવે તેવું ઉગે જ એવી ભાવના સાથે ખેડૂ પરિવાર ચોમાસે ખેતીમાં જોતરાય અને જે મોલ મળે તેમાંથી પરિવારનું પોષણ કરવાની ભાવના નીતરતી દેખાય.

- નજરે જોયેલા ઉત્સવની વાત હું ઈલાબેન સાથે કરતી હતી. ત્યારે તેમણે ગાયું,

- ''સુન્દરતા સહુ ભેગી કરીને, બ્રહ્માજીએ મુજને ઘડી

- જગની સૌ સુન્દરીમાં વાસ, રાસ તણા મુજને અભિલાષ''

- આ પંક્તિમાં પૃથ્વીના સર્જન અને સુન્દરતાની વાત છે. પણ તેને સજાવવા-સવારવાનું કામની અભિલાષા જે જનમાં પડેલી છે. જે માનવીના કુદરતાના જોડાણને જોડે છે.

- ખેડૂ કુદરતના ખોળે જીવે છે અને કુદરતનું સંવર્ધન કરવાનું કાર્ય પણ કરે છે. અને જે વિવિધ કામોરૂપી પ્રયાસો કરે છે તેને જ તો રાસ કહી શકાય ને !

**- ભારતી**

વડા, ખેતીઝૂંબેશ

# અસંગઠિત કામદારો માટેના રાષ્ટ્રીય સામાજીક સુરક્ષા બોર્ડ

અસંગઠિત કામદારો માટે સામાજીક સુરક્ષાનો કાયદો, ૨૦૦૮માં ઘડાયો છે. તેના હેઠળ નેશનલ સોશિયલ સિક્યુરિટી બોર્ડ રિકોન્સ્ટીટયુટ થયું તેના સભ્ય તરીકે ૧૨.૯.૨૦૧૮ના ભારત સરકારના શ્રમમંત્રી શ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલી મિટીંગમાં સેવા વતી કરેલી રજૂઆતનો ટૂંકસાર આ મુજબનો રહયો.

આ ટૂંકસારમાં જઉં તે પહેલાં, એ જણાવી દઉં કે, આ ૨૦૦૮નો કાયદો લાવવામાં સેવા અગ્રેસર રહી હતી. આ બોર્ડ તે ત્રિપક્ષીય બોર્ડ છે. જેમાં, સરકાર, યુનિયન તેમજ માલિકોનાં પ્રતિનિધિઓ છે. આપણી રજૂઆતમાં જણાવ્યું કે, દેશનાં ૪૦ કરોડ કામદારો તે અસંગઠિત ક્ષેત્રનાં જેમાં, ત્રણ કરોડ ઘરખાતા કામદારો જેમાં, લાંમ્બી સપ્લાય ચેઇન, જેમ કે કેરળમાં છત્રીઓ બનાવવાનું કામ ઘરખાતા કામદારો કરે બહુ રાષ્ટ્રીય કંપનીઓ માટે દરેક કોન્ટ્રાક્ટર પોતાનો નફો કાપે અને આ શ્રમજીવીઓના હાથમાં આવે કેટલાં દોકડાં ? વેસ્ટ રિસાયકલર્સ, ગરીબમાં ગરીબ-કોઇ સામાજીક સુરક્ષા નહી !

વેચનારાની આજીવિકાને રક્ષણ આપતો કાયદો આવ્યો તેના અમલીકરણનાં ધાંધિયા અને, આવા ચાર કરોડ વેચનારાઓની સામાજીક સુરક્ષાના નામે મીંડું.. ઘરેલુ કામદારો, આવા શ્રમજીવીઓની હાલની પરિસ્થિતિ તો એ છે કે, ખાસ કરીને શહેરોમાં.. રોજગાર છે પણ કામનાં કલાકો વધ્યા છે અને વળતર તદ્દન ઓછું મળે છે. કામની પદ્ધતિ બદલાઇ છે. ડઝન ચમચીને રબરબેન્ડ લગાવી પેકિંગ કરવાનું તે કંઇ કામ કહેવાય ?! અમારા પાયાના પ્રશ્નો મિટાવે, મોંઘવારી હટાવે તેવા કામો અમારે તો જોઇએ ! આવી પરિસ્થિતિમાં આ બોર્ડ ને ફાળવેલા ૨૦૦૦ કરોડ રૂપિયા વણવપરાયેલાં રહે તે લાચારી નહી તો બીજુ શું છે ? જરૂરીયાત છે, પૈસા છે પણ સરકારે ગોઠવણ ના કરી..

આ ૨૦૦૦ કરોડ રૂપિયા પ્રધાનમંત્રી જીવનજ્યોતિ યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં વાપરવાની દરખાસ્ત છે પણ તેનાથી તો વીમા કંપનીઓ સધ્ધર થશે ખરી, પણ... ? અમારી દરખાસ્ત તો એ જ છે કે, આ અસંગઠિત ક્ષેત્રના કામદારોના બાળકો માટે સ્કોલશીપની યોજના પાછળ વપરાપ. અમારા બીડી કામદારોના બાળકોને મળતી

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## જામીનની ઝંઝટ વગર તાત્કાલિક લોન મેળવો

- આપની જ ફિક્સ ડિપોઝીટ અને રીકરીંગ ડિપોઝીટની બચત સામે ૯૫% સુધીની રકમની લોન મેળવો અને આપણી બચતને સુરક્ષિત રાખો.
- નેશનલ સેવિંગ્સ સિર્ટીફીકેટ (NSC )તથા કિસાન વિકાસ ૫ત્ર (KVP) સામે ૮૦% સુધી લોન તાત્કાલિક મેળવો.
- આપના સોનાના દાગીના સામે તાત્કાલિક લોન મેળવો.

## સેવા બેંકમાં મળતી લોન

- સેવા બેંકમાં ખાતું ખોલાવો અને તરત જ લોન મેળવો.
- નિયમિત બચત કરી અને ઝડપી લોન મેળવો.
- ધંધા માટે - નવો ધંધો શરુ કરવા- જુના ધંધાનો વિકાસ કરવા- ધંધા ના સાધનો વસાવવા.
- રીકરીગ તથા ફિક્સ ડિપોઝીટ સામે ૯૫% રકમ સુધી વગર જમીને ઝડપી લોન મેળવો.
- વાહન ખરીદવા માટે લોન મેળવો.
- સરળ ગ્રૂપમાં ઘરે બેઠા લોન મેળવો.
- ઘર વપરાશ તથા સૂર્ય શક્તિથી ચાલતા સાધનો ખરીદવા લોન મેળવો.
- માલ સ્ટોક હાઈપોથીકેશન લોન આપવામાં આવે છે.
- મકાન મોર્ગેજ કરીને લોન આપવામાં આવે છે.

## બેંકની શરતોને આધીન

- ઝટપટ લોન
- સ્વરોજગાર લોન ધંધાના વિકાસ માટે

## લોન નિયમિત ભરવાથી થતા ફાયદા

- લોન નિયમિત ભરવાથી વ્યાજનું વ્યાજ ભરવું ન પડે.
- લોન નિયમિત ભરવાથી બેંકની બીજી યોજનાઓનો લાભ મળી શકે છે.
- નિયમિત લોન ભરવાથી બેંકમાં શાખ વધે છે અને બીજી લોન ઝડપથી મળે છે.
- બેંકમાં અને સમાજમાં માન વધે છે. તેનાથી તમે બીજી બહેનોને પણ લોન અપાવવામાં મદદરૂપ થઇ શકો છો.
- લોન જે હેતુ માટે લો, તેમાં જ તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

સ્કોલશીપનો અનુભવ છે કે, આવી યોજનાથી બાળકો ભણે છે, બાળમજુરી સદંતર ઓછી થાય છે. અને બીજી યોજના તે પ્રસુતિ સહાય પાછળ વપરાય.

વળી, ૨૦૦૮ના કાયદા ઉપરથી ઘણા રાજ્યો બિહાર, ગુજરાત, ઉત્તરપ્રદેશ, રાજસ્થાનમાં રાજ્ય સ્તરના નિયમો બતાવી બોર્ડનું ગઠન કર્યુ છે પણ, તેમાં પૈસા નથી. તો આ ૨000 કરોડ રૂપિયામાંથી અમુક રકમ રાજ્યોના બોર્ડને મજબૂત બનવા તેને ક્રિયાન્વીન્ત કરવા સામાજીક સુરક્ષા યોજનાઓ પાછળ વાપરવા આપવા જોઇએ.

બીજુ કે, બીડી કામદારો માટે જે કલ્યાણકારી યોજનાઓ છે તે લેવા માટે બીડી વેલ્ફેર વિભાગનું ઓળખપત્ર જરૂરી છે જે પશ્ચિમ બંગાળ, ગુજરાત, રાજસ્થાન, બિહાર જેવાં મોટા ભાગના રાજ્યોમાંથી ઇશ્યુ જ નથી થતું તો કલ્યાણકારી યોજનાઓનો લાભ કેમનો લેવાય ? માલિક-કોન્ટ્રાક્ટર આના ફોર્મ પર સહી ના કરે.. બીડી વાળી શકે તે કામદાર- તે પદ્ધતિથી તેને ઓળખપત્ર સરકાર ઇશ્યુ કરે તે ગોઠવવું જરૂરી છે. આ બીડી કામદારોનાં બાળકોને સ્કોલરશીપ લેવી હોય તો ઑનલાઇન ફોર્મ ભરવાનું. અરે, આ શ્રમજીવીઓની ‘ડીજીટલ રેડીનેસ’ છે ? સમજો તો ખરા.. આના લીધે છેલ્લા ૪ વર્ષથી બીડીની સ્કોલરશીપ બાળક સુધી નથી પહોંચતી.. હાથેથી ફોર્મ ભરવાનું અને ઑનલાઇન ફોર્મ બન્ને રાખો. આ વાત સાંભળી ને શ્રમમંત્રી શ્રી એ વચ્ચેથી અટકાવીને કહયું કે, હાથેથી ફોર્મ ભરીને રજૂ કરી સ્કોલરશીપ લઇ શકાય તેવી ગોઠવણ પણ ચાલુ રાખવી જોઇએ. હું આ કરાવું છું તમે મને લેખિતમાં આપો. અને ૨000 કરોડ રૂપિયાની ફાળવણી માટેની તમારી દરખાસ્ત પણ લેખિતમાં આપો.

હાશ.. થઇ મારા મનને. ટાઢકવળી. માથાડી કામદાર બોર્ડ જેમ પૂનામાં ચાલે છે તે પ્રમાણે બાંધકામ મજુરોનું બોર્ડ ચાલે અને બીજી કલ્યાણકારી યોજનાઓ અસંગઠિત વર્ગને આપવા આ મોડલ અપનાવવું તે બાબત પર સેવાનું મંતવ્ય, અનુભવ છે કે, જે પૂનામાં માથાડી બોર્ડ ચાલ્યું તે અમદાવાદમાં નથી ચાલ્યું.. માટે, આવા બીજાં કેટલાંય મોડલ દેશમાં હશે જોઇને, તેનો અભ્યાસ કરીને ક્યાં શું ચાલશે અને ક્યાં શું નહી ચાલે તે જોવું જોઇએ.

બાંધકામ કામદારો માટેનાં વેલ્ફેર બોર્ડમાં માનનીય સુપ્રિમ કોર્ટના વચગાળાના હુકમ મુજબ, સામાજીક સુરક્ષાની મોડલ યોજનાઓ બનાવવા માટે રાષ્ટ્રીય યુનિયનોનાં સૂચનો માટે એક મિટીંગ શ્રમમંત્રાલયે કરવી જોઇએ.

આમ, આટલાં સૂચનો સાથે મેં મારું વકતવ્ય આટોપ્યું.

**- મનાલી**

❑

# આમાં મહિલા-ખેડૂત ક્યાં તે બતાવશો ?

**એક તૃતીયાંશ ખેડૂતો પાસે ૧ હેકટરથી ઓછી જમીન**

દેશના ખેડૂત સરેરાશ રૂા. ૧,૦૭,૧૭૨ની વાર્ષિક આવક સાથે લખપતિ બની રહયા છે. પરંતુ તેમાંથી અડધા અર્થાત ૫૨.૫ ટકા લોકો એવા છે કે જેઓ હજી પણ દેવામાં ડૂબેલા છે. આ માહિતી નાબાર્ડ ઓલ ઇન્ડિયા ફાઇનાન્શિયલ ઇન્ક્લુજન સર્વેમાં આપવામાં આવી છે. જે મુજબ, બાકી દેવા મામલે આઇઓઆઇ, ૫૨.૫ ટકા કૃષિ પરિવારો અને બિન-કૃષિ ગતિવિધિઓ સાથે જોડાયેલા ૪૨.૮ ટકા પરિવારો પર દેવું છે. અખિલ ભારતીય સ્તર પર ૪૭.૪ ગ્રામીણ પરિવારો પર દેવું છે. નાબાર્ડ નેશનલ બેંક છે. જે ખેડૂતો અને ગ્રામીણ વિકાસ માટે દેવું આપે છે.

સર્વે અનુસાર, ૮૮.૧ ટકા ગ્રામ પરિવારો અને ૫૫ ટકા કૃષિ પરિવારો બેન્કમાં ખાતું ધરાવે છે. જેની પ્રતિ પરિવાર સરેરાશ વાર્ષિક બચત રૂા. ૧૭,૪૮૮ છે. કૃષિ સાથે જોડાયેલા આશરે ૨૬ ટકા પરિવાર અને બિનકૃષિ ક્ષેત્રના ૨૫ ટકા પરિવાર વીમા હેઠળ છે. તેમ જ ૨૦.૧ ટકા કૃષિ પરિવારોએ પેન્શન યોજના લીધી છે.

જ્યારે તેની તુલનાએ ૧૮.૯ ટકા બિનકૃષિ પરિવારો પાસે પેન્શન યોજના છે.

નાબાર્ડ દર ૩ વર્ષે આ સર્વે કરે છે. ખેતી સાથે જોડાયેલા પરિવારની આવકમાં મહત્ત્વપૂર્ણ તેજી જોવા મળી છે. સૌથી વધુ વૃદ્ધિ નાના અને સામાન્ય ખેડૂતોની આવકમાં જોવા મળી છે. આ સર્વે ૨૦૧૬-૧૭માં થયો હતો અને ૪૦,૩૨૭ ગ્રામીણ પરિવાર સામેલ હતા. જે અનુસાર, એક ગ્રામીણ પરિવારની સરેરાશ વાર્ષિક આવક રૂા. ૧,૦૭,૧૭૨ થઇ છે. જ્યારે બિનકૃષિ ગતિવિધિઓ સાથે જોડાયેલા પરિવારોની સરેરાશ આવક રૂા.૮૭,૨૨૮ રહી છે.

નેશનલ કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ(નાબાર્ડ) દ્વારા કરવામાં આવેલા ગ્રામીણ સર્વેના આધારે, એક પરિવાર દીઠ વર્ષ ૨૦૧૫-૧૬ના સમયગાળા દરમિયાન ૧.૧ ટકાનો ઘટાડો દર્શાવ્યો છે, જે ૩ વર્ષ પહેલાં ૧. ૧૬ ટકા જેટલો હતો.

નાબાર્ડના સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું છે કે, લગભગ

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.**

**Ahmedabad P.S.O.**
**22-9-2018**

એક તૃતીયાંશ ખેડૂતો ૧ હેક્ટર કરતાં ઓછી જમીન ધરાવે છે. ખેતરના ૩૭ ટકા ખેડૂતો ૦.૪ હેક્ટર કરતાં ઓછી જમીનના ટુકડાની માલિકી ધરાવે છે. જ્યારે ૩૦ ટકા લોકો પાસે હોલ્ડિંગ છે જે ૦.૪૧થી ૧ હેક્ટરની વચ્ચે છે. માત્ર ૧૩ ટકા કૃષિ પરિવારો પાસે ૨ હેક્ટર કરતાં વધુ જમીનની માલિકી છે.

સર્વેમાં જણાવાયું છે કે, દેશના ૫.૨ ટકા કૃષિ પરિવારો પાસે માલિકીના ટ્રેક્ટર છે, જ્યારે ૧.૮ ટકા પરિવારો પાસે પાવર ટીલર ધરાવે છે. ટપક સિંચાઇ અને પાણીના છંટકાવની સુવિધા અનુક્રમે ૧.૬ ટકા અને ૦.૮ ટકા પરિવારો સુધી જ મર્યાદિત હતી.

રિપોર્ટમાં આ પરિસ્થિતિ અન્ય રાજ્યોમાં જેમ કે, રાજસ્થાનમાં ૧.૯ હેક્ટર અને હરિયાણામાં ૧.૭ હેક્ટર પ્રત્યેક ઘર દીઠ જમીન કદની માહિતી મળી હતી. જ્યારે બિહાર, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, સિક્કીમ અને જમ્મુ-કાશ્મીર સર્વેક્ષણમાં સરેરાશ ૦.૫ કેક્ટર જમીન ધરાવે છે.

**દેશના ૫૨ ટકા ખેડૂતો હજી દેવાદાર**

**- 'ગ્રામ ગર્જના'માંથી**
**સાભાર**

❑

## સ્વ શ્રી ગૌતમ ઠાકરને શોકાંજલિ



હજુ સવારે તો પુસ્તક ''અસંગઠિત કામદારોની દુનિયામાં ડોકિયું'' કરવાનું છે, તેના બે દિવસમાં ચાર વાર ટેલિફોન પર મારે વાત થાય છે ને વિધિની અવળી ચંડાઇ કે ગૌતમભાઇને એ જ કાળે ગાયબ કરી દીધા. શોધ્યા મળે નહિ. ને જ્યારે મળ્યા ત્યારે તે એક શોકસભામાં થતા પેલા જ પુસ્તક ''અસંગઠિત કામદારોની દુનિયામાં ડોકિયું''ના વિમોચનમાં અલૌકિક રૂપે હાજર હતા ! માનવું હોય તો માનીએ ! ગૌતમભાઇને પૂરો સંતોષ થયો હશે કે તેમનો મનગમતો શ્રમિકવર્ગ પબ્લિકમાં પુસ્તક દ્વારા દૃશ્યમાન થઇ રહયો છે. હવે એ શ્રમિકવર્ગનો અવાજ ગુજરાતને સંભળાશે તેમજ તેમનાં કામોને 'રોજગાર' તરીકે લેખવામાં આવશે.

'સેવા'ના સહુ તરફથી આપણે ગૌતમભાઇને, હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પીએ.

**- સેવા**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-9-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]